PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૪/૧૬–૧૭/ ૪૬૦૭ તા. ૨૭/૦૨/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા,
આધશકિત પાન ગલ્લો,
ચિતલીયા કુવા રોડ,
આસ્થા સંકુલ પાસે,
જસદણ

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૯/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, જસદણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૯/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા,ગામ: જસદણ

રજુઆત કરનાર : અરજદાર શ્રી જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :એ.ડી.સૈયદ, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી જસદણ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની અગાઉ તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની, રસીદ નંબરઃ ૧૦૨૧૭૪ થી રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરાયેલ એવી નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, પીજીવીસીએલ ની ભુલ ના કારણોસર જ, પીજીવીસીએલ ના રજીસ્ટર મા નોંધાયેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ કક્ષાએથી નવુ જોડાણ આપવા માટે ની કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે આ બાબતે અન્યાય ની લાગણી સાથે, અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજંદાર શ્રી જસમતભાઈ ભીખાભાઈ રૂપારેલીયા ની, તેમના ગામઃ જસદણ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અગાઉ તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની રસીદ નંબરઃ ૧૦૨૧૭૪ થી રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી અને – તે મુજબ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે પીજીવીસીએલ ની સબંધક જસદણ પેટા વિભાગીય કચેરી મા નોંધાવેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી ની સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ની નોંધણી ની બાબતો ને, સબંધક પેટા વિભાગીય કચેરી ના, જે તે તારીખ ના કેશ વિભાગમા રહેલ દસ્તાવેજીક આધારીત વિગતો થી સમર્થન પ્રાપ્ત થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે પીજીવીસીએલ મા ખરેખર નોંધણી થયેલ હોવાની બાબત ને પુરતુ સમર્થન મળેલ છે. |
| ૨.૨ | પરંતુ, જે તે સમયે, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના, કેશ વિભાગ અને ટેકનીકલ વિભાગના આંતરીક વ્યવહવારો ની, ક્ષતિગ્રસ્ત ભુલ ના કારણોસર જ સદર તા.૦૩–૧૨–૧૦ ના રોજ નોંધાયેલ અરજી ના દસ્તાવેજીક પેપર્સ, જે ટેકનીકલ વિભાગ મા રજુ ન થયેલ હોવાના કારણોસર, ટેકનીકલ વિભાગ તરફથી, સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીને, જે તે સમય ના સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા, નોંધણી કરી શકાયેલ નથી. આ બાબત ને પણ રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. |
| ૨.૩ | જેથી હવે, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ કક્ષા ની ક્ષતિ ને, ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને તે મુજબ, તા.૦૩–૧૨–૧૦ ના રોજ નોંધાયેલ સદર અરજી ને, તે સમય ના, એટલેકે તા.૦૩–૧૨–૧૦ ના રોજ ના, લાગુ પડતા, એવા ( જે તે સમય ના નોંધણીનંબરઃ ૯૨૯ અને નોંધણીનંબરઃ ૯૩૦ વચ્ચે સમાવિષ્ટ કરી, અને તે મુજબ યોગ્ય પ્રતિક્ષાયાદી નંબરમા આવરી લઈ) એવા યોગ્ય – સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા યોગ્ય નંબર સામે નોંધણી કરીને, જે તે સમય ની પ્રતિક્ષાયાદી નોંધણીનંબર મા સમાવી શકાય. |

| | |
|---|---|
| ૨.૪ | હાલ ના તબ્બકે, તા.૦૩–૧૨–૧૦ ના સમયગાળા દરમ્યાન ની નોંધાયેલ અરજીઓ, જે સંપુર્ણ પણે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ છે. અને આ સમયગાળા ની મોટા ભાગ ની અરજીઓ, '' પેઈડ પેન્ડીગ '' હેઠળ ની છે. જેથી, અરજદાર શ્રી ની તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની અરજીને, તે તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની સ્થિતી નો સામાન્ય પ્રતિક્ષાયાદી નો ક્રમ નંબર આપી, અને તે મુજબ, ત્વરીતે જ – સ્થળ સર્વે કામગીરી સંપન્ન કરી, તાંત્રીક મંજુરી મેળવી, અને આ તમામ પ્રક્રીયા દિન–૧૫ મા પૂર્ણ કરી, અને અરજદાર શ્રી ને તેમની – જે તે સમયે શરતચુક થી કાર્યવાહી મા બાકી રહી ગયેલ અરજી ને, મંજુરી અન્વયે નુ ભાવપત્રક દિન–૨૦ મા આપી, આ તમામ કામગીરી અરજદાર શ્રી ની કચેરીમા હાજરી, જાણકારી, સંતોષ અને અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ , અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરી શકાય. તે મુજબ નુ ફોરમ કમિટી સમક્ષ મંતવ્ય રજુ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી – તેમના ગામઃ જસદણ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અગાઉ તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની રસીદ નંબરઃ ૧૦૨૧૭૪ થી રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી અને – તે મુજબ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે તે સમયે સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી, શરતચુક યુકત ભુલ ના કારણોસર, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા નોંધી શકાયેલ ન હતી. તે બાબત ને પીજીવીસીએલ પક્ષકારે મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, રેકર્ડ આધારીત સમર્થન આપી, અને આમ પીજીવીસીએલ પક્ષકારે સદર શરતચુક યુકત ભુલ નો સ્વીકાર કરેલ છે. |
| ૩.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, શરતચુક યુકત ભુલ ના, ભુલ સુધારણા ના ભાગરૂપ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી, જે નિયમાધીન રીતે માન્ય રાખી અને ન્યાયિક રીતે તેમને, તા.૦૩–૧૨–૧૦ ની નોંધણી ની સ્થિતીએ જ, તા.૦૩–૧૨–૧૦ ના રોજ ની સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા સમાવિષ્ટ કરી, અને તે મુજબની, સદર અરજી મંજુરી ની તમામ કાર્યવાહીઓ, જે દિન–૧૫ મા પૂર્ણ કરી, અને દિન–૨૦ મા મંજુરી અન્વયે નુ ભાવપત્રક અરજદાર ને રૂબરૂ આપી, અને તે મુજબ, અરજદાર ની ફરીયાદ નુ અરજદાર ને સંતોષજનક રહે, તે પ્રમાણે અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા બાબતે નો અભિપ્રાય, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, રજુ કરાયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર નો સદર અભિપ્રાય પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત નો હોય, ફોરમ કમિટી, જે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ઠેરવી, અને અરજદાર શ્રી ને તેમની તા.૦૩–૧૨–૧૦ ની અરજી ની મંજુરી નુ ભાવપત્રક, દિન–૨૦ મા અરજદાર શ્રી ને રૂબરૂ આપી, અને ભાવપત્રક ની રકમ ભરપાઈ થયા બાદ, અગ્રીમતા સાથે ના, પેઈડ પેન્ડીગ કેઈસ – મા જ સમાવી, તે મુજબ નો અહેવાલ ફોરમ કમિટી સમક્ષ દિન–૨૫ મા રજુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને તેમની તા.૦૩–૧૨–૧૦ ની અરજી ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ, ભાવપત્રક જે દિન–૨૦ મા અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી, અને ભાવપત્રક રૂબરૂ આપી – અને ભાવપત્રક ની રકમ ભરપાઈ થયા બાદ, અગ્રીમતા સાથે ના, પેઈડ પેન્ડીગ કેઈસ – મા જ – સમાવી, અને તે મુજબ નો અહેવાલ ફોરમ કમિટી સમક્ષ દિન–૨૫ મા રજુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..